સમસ્ત ખરક જ્ઞાતિનું ઈ-માસિક પત્ર

# ખરક સમાજ દર્પણ

તંત્રી : આનંદ સેતા

કાર્યાલય : ૩૭, મહાલક્ષ્મી, વી.ટી.નગર, મહુવા - ૩૬૪ ૨૯૦.

E-mail : kharaksamajdarpan@gmail.com / Mo. 99254 87956

વર્ષ : ૧ | માર્ચ - ૨૦૨૧ | અંક : ૩ (પેઈજ : ૫)

## તંત્રી સ્થાનેથી



સુજ્ઞ જ્ઞાતિજનો

*The Woods are lovely*
*Dark and Deep*
*But I have Promises to keep,*
*and miles to go before I sleep.*
*and miles to go before I sleep.*
*- Robert Frost*

રોબર્ટ ફ્રોસ્ટની આ પંકિતઓ જવાહરલાલ નહેરું હંમેશા પોતાના ટેબલ પર રાખતાં. 'જંગલ રળિયામણું છે, પરંતુ તે જોવા રોકાવાના બદલે મારે કરવાના કેટલાંક કામો મારે સુતા પહેલાં - મરતાં પહેલા પૂર્ણ કરવાના છે.' તેવી રીતે આપણી જીંદગીપણ અનેક 'પ્રોમીસીઝ' થી ભરેલી છે. ભગવાન, ગુરૂ, મા-બાપ, સંતાનો, દેશ, સમાજ અને જ્ઞાતિ પ્રત્યેનું આપણે ઋણ અદા કરવાનું છે. જે સ્મશાન-શયન પહેલા પૂરું કરવાનું છે. માણસ જવાબદારી અને ફરજોનું પોટલું છે. તેણે કુનેહ અને કુશળતાપૂર્વક પોતાના ફાળે આવેલું કામ પાર પાડવું. તેમાં જ જીવનની સાર્થકતા છે. પરંતુ કામ કરતાં અનેક મુશ્કેલીઓ, નિરાશા અને ટીકાઓ આવે ત્યારે શું કરવું તે વાત કુન્દનિકા કાપડિયા પોતાના 'પરમ સમીપે' પુસ્તકમાં સમજાવે છે...

હે પ્રભુ,
સંજોગો વિકટ હોય ત્યારે સુંદર રીતે કેમ જીવવું
તે મને શીખવ
બધી બાબતો અવળી પડતી હોય ત્યારે,
હાસ્ય અને આનંદ કેમ ન ગુમાવવા તે મને શીખવ
પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે શાંતિ કેમ
રાખવી તે મને શીખવ
કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે ખંતથી તેમાં
લાગ્યા કેમ રહેવું તે મને શીખવ
કઠોર ટીકા ને નિંદાનો વરસાદ વરસે ત્યારે, તેમાંથી
મારા ખપનું ગ્રહણ કેમ કરી લેવું, તે મને શીખવ
પ્રલોભનો, પ્રશંસા, ખુશામતી વચ્ચે તટસ્થ કેમ રહેવું
તે મને શીખવ
ચારે બાજુથી મુશ્કેલીઓ ઘેરી વળે શ્રદ્ધા ડગુમગુ
થઈ જાય નિરાશાની ગર્તામાં મન ડુબી જાય,
ત્યારે ધૈર્ય અને શાંતિથી તારી કૃપાની
પ્રતીક્ષા કેમ કરવી તે મને શીખવ.

**આનંદ સેતા**
(તંત્રીશ્રી, ખરક સમાજ દર્પણ, મહુવા)

## જ્ઞાતિ 1 પ્રથમ



ગુજરાત સરકાર ગૃહ વિભાગમાં આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર તરીકે કામ કરતાં રૂપલબેન બાલાભાઈ સેંતા (સાંખડાસર) જ્ઞાતિના પ્રથમ ASI છે. હાલ મહિલા ઈન્વેસ્ટીગેશન યુનિટ ભાવનગરમાં છેલ્લાં પાંચ વરસથી નોકરી કરે છે.

## સંસ્થા દર્પણ

સમસ્ત ખરક જ્ઞાતિ સમાજ ટ્રસ્ટ (વસઈ) રજી. નં. E1898TNA 13/4/98
દ્વારા નિર્મિત સ્વ. રળિયાતબહેન કાળાભાઈ પરમાર

**ખરક જ્ઞાતિની વાડી (વસઈ)**



સમસ્ત ખરક જ્ઞાતિ સમાજ ટ્રસ્ટ (વસઈ રોડ) મુંબઈ દ્વારા મુંબઈમાં જ જ્ઞાતિ માટે ખૂબ જ સારા એરિયામાં વસઈ રોડ (ઈસ્ટ) પર ખરક જ્ઞાતિની વાડી તૈયાર કરવામાં આવી.

આ વાડીનો અંદાજીત ખર્ચ સાડત્રીસ લાખ રૂપિયા જેવો થયો છે જેમાં મુખ્ય દાતાશ્રી સ્વ. રળિયાતબહેન કાળાભાઈ પરમાર તરફથી મુખ્ય દાન રૂ. દસ લાખ મળેલ છે જેથી વાડી સાથે તેમનું નામ જોડેલ છે.

જ્ઞાતિની વાડીની સ્થાપના તા. ૨૫/૧/૨૦૦૩માં થયેલ છે. વાડી લગભગ ૨૫૦૦ થી ૩૦૦૦ માણસો સુધીની સંખ્યામાં લગ્ન, વેવીશાળ, સગાઈ, આણું, સાદડી કે કોઈપણ ફંકશન માટે વ્યવસ્થા થઈ શકે તેટલી વિશાળ છે. વાડીમાં ઓપન ગ્રાઉન્ડ તથા બે માળ સુધીનું આધુનિક બાંધકામ છે. રસોડું પણ અલગ આવેલ છે. કોઈપણ પ્રસંગ માટે ખુરશીઓ, ટેબલ, મંડપ, સ્ટેજ તથા તમામ પ્રકારના રસોઈના વાસણો જ્ઞાતિએ વસાવેલ છે. જ્ઞાતિની વાડીમાં જ્ઞાતિજનોના દરેક પ્રસંગો વરસોથી ઉજવાતા આવ્યા છે તો વાડી ફ્રી હોય તો ભાડે પણ આપવામાં આવે છે જેથી વાડી વિકાસમાં પૂરતો અર્થ સહયોગ મળી રહે. હાલ વાડી વ્યવસ્થાનું કામ વાળાકી ગોપાભાઈ પુનાભાઈ (નૈપવાળા) મો. ૯૮૯૦૨૫૮૯૮૯ સંભાળે છે. વાડીનું સરનામું : જૈન દેરાસરની બાજુમાં, જેબી લુધાની સ્કૂલ સામે, એવર શાઈન સીટી, જોન ગેટ, વસઈ રોડ (ઈસ્ટ) મુંબઈ-૮

## આસ્થા – દર્પણ

સેંતા પરિવારનો મઢ - ભુંભલી



આશરે ૫૦૦ વર્ષ જુનો સેંતા પરિવારનો મઢ કદાચ જ્ઞાતિમાં પણ સૌથી જુનો મઢ હશે. ભુંભલી ગામે આવેલ સૌથી વધુ સંખ્યા ધરાવતા સેંતા પરિવારનો મઢ હાલ જિર્ણોધ્ધાર પામી રહ્યો છે. જેનું બાંધકામ દેખરેખનું કામ વલ્લભભાઈ ભોળાભાઈ સેંતા તથા મકનભાઈ બાલાભાઈ સેંતા સંભાળે છે. ફોન નં. ૯૭૨૬૯૦૧૭૦૧ છે જયારે ભુવા તરીકે રણછોડભાઈ પઢિયાર મો. ૯૭૧૨૧૭૧૮૪૦ છે.



### ટ્રસ્ટના હોદ્દેદારશ્રીઓ

(૧) ખોડિફાડ મનસુખભાઈ ડાયાભાઈ - થાણા
પ્રમુખ મો. ૯૮૯૨૮૪૮૧૯૫ (મહુવા)
(૨) કામળિયા કલ્યાણભાઈ ખાટાભાઈ - કાંદીવલી
ઉપપ્રમુખ મો. ૯૮૨૦૧૯૧૧૧૪ (દાઠા)
(૩) વાળાકી ગોપાલભાઈ પુનાભાઈ - વસઈ
ઉપપ્રમુખ મો. ૯૮૯૦૨૫૮૯૮૯ (નૈપ)
(૪) પરમાર બાલાભાઈ કાળાભાઈ - વિરાર
ખજાનચી મો. ૯૮૯૦૦૮૫૩૨૦ (દાઠા)
(૫) વાળાકી ભીખાભાઈ રાજાભાઈ - વાલીવ
સહખજાનચી મો. ૯૩૨૬૪૭૨૨૬૦ (નૈપ)
(૬) સેંતા વીરજીભાઈ શામજીભાઈ - વસઈ
મંત્રીશ્રી મો. ૯૩૨૦૫૮૮૭૭૪ (ગુંદરણા)
(૭) વાળાકી રમેશભાઈ નાગજીભાઈ - વસઈ
ટ્રસ્ટી મો. ૯૩૨૦૪૮૭૫૪૦ (માળવાવ)
(૮) ટાઢા રામજીભાઈ હરિભાઈ - વાલીવ
ટ્રસ્ટી મો. ૯૮૬૦૭૦૨૭૨૦ (ઠળિયા)
(૯) સેંતા છગનભાઈ ભાણાભાઈ - વિરાર
ટ્રસ્ટી મો. ૯૮૬૦૯૬૮૬૭૭ (વાલાવાવ)
(૧૦) સુરાણી છગનભાઈ ઉકાભાઈ - વાલીવ
ટ્રસ્ટી મો. ૮૮૦૬૪૨૦૧૭૪ (તણસા)
(૧૧) વળિયા મનજીભાઈ ટીસાભાઈ - વિરાર
ટ્રસ્ટી મો. ૯૦૨૮૨૭૦૮૪૪ (ખંઢેરા)

## ચિંતન

## વેવિશાળ : સમસ્યા અને ઉકેલ



એક સમય એવો હતો કે જ્ઞાતિમાં કેળવણીનો પ્રચાર પ્રસાર બિલકુલ ન હતો ત્યારે દરેક જ્ઞાતિબંધુ ખેતી, ખેત-મજુરી તથા પશુપાલનનો ધંધો કરતા હતા. તેથી વેવિશાળ કરવા કોઇ બહારગામ જઇ શકતું નહીં અને જ્ઞાતિના ગોર આ કામ કરી આપતા અને તે બંને પક્ષ માન્ય રાખતા અને જિંદગીભર નિભાવતા પણ ખરા.

સૌ પ્રથમ ધારડીના બેચરભાઇ સેંતા, ધૂડી નિશાળમાં ચાર ચોપડી ભણી, ૨૫ રૂપિયા માસિક પગારે લાગેલા ત્યારબાદ અમૂક ગામોમાં ધૂડી નિશાળ તથા પ્રા. શાળાઓ શરૂ થતાં જ્ઞાતિમાં અક્ષરજ્ઞાન આવવા લાગ્યું. આપણે અભણ હતા પરંતુ કોઠાસૂઝ સારી હોવાથી ધીરે ધીરે ઘરના એક વડિલ દ્વારા 'વેવિશાળ' કરવાનું શરૂ થયું. વડિલની વાત બધાને માન્ય રહેતી કોઇ તેની આમાન્યા ન તોડતું. આ રીતે થયેલા વેવીશાળો પણ દીર્ઘજીવી બન્યા. જેમ જેમ ભણતર આવતું ગયું તેમ તેમ ઘરના બૈરાઓ પણ તેમાં સામેલ થયા છોકરા છોકરીને જોવા જવાનું શરૂ થયું. ધીમે ધીમે આ બાબતનો નિર્ણય ભાઇઓને બદલે બહેનોના હાથમાં આવી ગયો.

સમય બદલતાં જોણું ઊંચું થવા લાગ્યું. છોકરો ભણેલો છે? તેને મકાન-જમીન છે? કેટલા ભાઇ-બહેન છે? શહેરમાં રહે છે - આવી અપેક્ષાઓ વધતી ચાલી.. હવે તો છોકરો ડૉક્ટરનું ભણે છે કે? નીટમાં કેટલા માર્ક લઇ આવ્યો? આ બધું જોઇને હવે વેવીશાળ શરૂ થયા... અપેક્ષા વધુ તેમ સમસ્યાઓ પણ વધુ. ૧૨માં ધોરણમાં ટકા જોઇ વેવીશાળ કરી નાખે ને આઠ - નવ વરસે ડૉક્ટર બને ત્યાં સુધી તો ગંગાનું ઘણું પાણી વહી ગયું હોય સંબંધોની મીઠપ મોબાઇલ ભરખી ગયો હોય અને પછી તોડિયા-જોડિયા શરૂ થાય.

સમાજમાં કન્યાઓ ઓછી છે તે કારણ પણ હોય શકે પરંતુ જ્ઞાતિમાં ડીગ્રી પાછળનો આંધળો મોહ, ભૌતિકવાદનો ભરડો અને વ્યક્તિ સ્વાતંત્ર્યના વિચારોએ માણસને મનમાની કરતો કરી દીધો છે. જ્ઞાતિમાં આવા વાંધા-વચકાં ચીરવા આગેવાનો હતા, ગામમાં પંચ હતા - પરંતુ હવે તો બધા એક જ ભાષા બોલવા માંડયા છે 'મેરી મરજી' પરિણામે જ્ઞાતિમાં સંગઠન અને એકતા તૂટતા જાય છે. સમાજમાં અનુકરણીય વ્યક્તિઓ ઘટતી જાય છે તે પણ ચિંતાનો વિષય છે.

સામ-સામા, ત્રેખડ અને કન્યા વિક્રય વચ્ચે 'કંકુ-નાળિયેર' હજુ શરૂ છે તેની ખુશી થાય છે. મજબુરીથી કોઇ હજારે એકાદ બાપ વ્યવસ્થા અને વહેવાર માટે થોડી રકમ લેતો હશે. પરંતુ આપણા સમાજની 'અધધ... અધધ...' બોલવાની ટેવે આખો સમાજ વગોવાય છે. હાથો તૈયાર થાય તો જ કૂહાડી જંગલ કાપી શકે તો આપણે હાથા ન બનીએ.

બીજું મને લાગે છે કે કોઇ દોડવીર સ્પર્ધામાં ભાગ લે તો થોડા ડગલાં પાછળ જતો હોય છે તેમ આ ભણેલી ગણેલી પ્રજા વેવીશાળ બાબતે, વિકાસ બાબતે અને સંગઠન બાબતે મર્યાદા તોડી પાછળ જતી હોય તેમ લાગે છે.

જયારે તે પૂર્ણ કેળવણી પામશે ત્યારે તેનામાં માનવતા મહોરશે અને મોહમાંથી છૂટશે. કોરોના કાળે પણ બધાને 'કમ-બેક' શીખવાડયું છે. જગત દૂર્જનોની દુર્જનતાથી નહીં પણ સજ્જનોની નિષ્ક્રિયતાથી બગડયું છે. આવનારા સમયમાં આપણે બુદ્ધિશાળી, સેવાભાવી અને કોઠાસુઝવાળા લોકોને આગળ કરવા પડશે. પારકી છઠ્ઠીના જાગતલ લોકોની વાતો સ્વીકારવી પડશે. તો જ માત્ર વેવીશાળ નહી પણ સમાજની દરેક સમસ્યાઓ હલ કરી શકીશું.

જગત પરિવર્તનશીલ છે, તો જ્ઞાતિએ પણ નવા પરિવર્તનો સ્વીકારી જડતા, અજ્ઞાન અને દુરાગ્રહો છોડવા પડશે અને યુવા મિત્રોને સુકાન સોંપવું પડશે. ભગવાન હંમેશા સૌનું ભલુ જ કરે છે. મને શ્રદ્ધા છે કે આપણું પણ ભલું જ થશે.

- ખાટાભાઇ રાજાભાઇ વળિયા - મહુવા


## અભિનંદન



માળવાવના વતની હાલ વસઇ મુંબઇ રહેતા જસવંતભાઇ નાગજીભાઇ વાળાકી મુંબઇ વસઇ (નવઘર) ના વેપારી એસોસીએશનના પ્રમુખ તરીકે છેલ્લા પાંચ વર્ષથી સેવા આપે છે. વેપારીઓના પ્રશ્નો અને પ્રગતિ માટે કામ કરે છે. મુંબઇમાં રહેતા જ્ઞાતિબંધુઓ માટે પણ ઇનામ વિતરણ, જન્માષ્ટમી તથા સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે નિઃસ્વાર્થભાવે કરે છે.



ઠળિયા : ૨૮-ઠળિયા તળાજા તાલુકા પંચાયતની સીટમાં ભાજપના ઉમેદવાર તરીકે શ્રીમતિ ભાનુબેન મનજીભાઇ ઠંઠ વિજેતા થયેલ છે.



વાળુકડ : ૧-ઘોઘા તાલુકા પંચાયતમાં ભાજપના ઉમેદવાર તરીકે જંગી બહુમતીથી શ્રી રામજીભાઇ રણછોડભાઇ પટેલિયા વિજયી થયા છે.



તળાજા નિવાસી સમગ્ર ખરક જ્ઞાતિના પ્રમુખ શ્રી ભરતભાઇ ઠંઠ તળાજાના ચેમ્બર ઓફ કોમર્સમાં બિનહરીફ પ્રમુખ તરીકે પસંદ થયા છે. એ જ્ઞાતિ માટે ગૌરવરૂપ ઘટના છે.



ત્રાપજના બીપીનકુમાર વિઠ્ઠલભાઇ વળિયાએ તાજેતરમાં સી.એ.ની ફાઇનલ પરીક્ષા સારા ગ્રેડ સાથે પાસ કરી જ્ઞાતિનું ગૌરવ વધાર્યુ છે.

ફોન નં. ૮૧૪૦૪૯૮૯૪૯

## આપણો વારસો અને વૈભવ

### ખરક સ્ત્રીનો પહેરવેશ



ખરક સમાજની સ્ત્રીઓના પહેરવેશની વાત કરીએ તો તેઓ તીરખી, બીજડી તથા ડબકા ભાતનો સાડલો પહેરતી તો વળી બાવનબાગનો સાડલો પણ વખણાતો. ચણિયા માટે યુવાન સ્ત્રીઓ લાલ કે સિંદુરિયો રંગ પસંદ કરે છે. તો મોટી ઉંમરની સ્ત્રીઓ ઘેરો લાલ રંગ કે મરૂન કે કંથાઇ રંગ પસંદ કરતી. ચણીયાનું માપ ૨.૨ × .૦૫ મીટર હોય છે. તેમા ઉપરના ભાગને ચોળીયુ કહે છે તે તેજસ્વી લાલ રંગનું હોય છે. જયારે નીચેનો ભાગ જાડુ, ખરબચડું અને લાલ કાપડનું હોય છે. જેને 'મઘરસિયુ' કહેવામાં આવે છે. ચણીયાના ભરતકામમાં પણ ખુબ વિવિધતા જોવા મળે છે. જેમકે બાંડા પોપટ, વેણી જાળી, બકલ માછલી, કાપેલી કેરી, અડધી કારેલી, ઢીંગલ વાજા, કાતરા, અડધી વણાજતરા વગેરે ખાસ છે. પરિણીત યુવાન સ્ત્રીઓ કન્યાદાન વખતે અડધી કુલવાડી ભરતવાળો ચણીયો પહેરતી. કાપડાં (બેકલેસ બ્લાઉઝ)માં પાછળનો ભાગ ખુલ્લો હોય છે. કાપડાંમાં કસ, થાંભલી, બાયું, કારી, કુખિયો, પેટી, પડખા જેવા વિવિધ ભાગ છે. તેમાં પણ 'કાચ બાવળિયા' અને 'ડોડવાની કોર' જેવું ભરત ભરવામાં આવતું. સામાન્ય રીતે કાપડાં સુતરાઉ કાપડના હોય છે. પરંતુ ખાસ પ્રસંગે અતલસનું રેશ્મી કપડું પણ પહેરાતું. કાપડાંને સુશોભન કરવા માટે નાના કાચ (ખાંપ) મુકાતા. જેથી કાપડું વધારે સુંદર અને ચમકતુ લાગતું. તુઇ (પાતળી સોનુરી લેસ) ટીકી (સ્પેન્ગલ) સતારા (સિકવિન્સ) અને પહોળી મોટી લેસ પણ વપરાતી. છાતી અને પેટનું કાપડ પોપલીનમાંથી બનતું. વૃધ્ધ સ્ત્રીઓ ટીપકીવાળો લાલ સાડલો અને લાલ થેપાડું પહેરતી.

## કરલો દુનિયા મુટ્ઠીમેં

(વિદેશ વસતા જ્ઞાતિબંધુઓ)



નામ : મથુરભાઇ મોહનભાઇ કાપડિયા
પિતા : મોહનભાઇ ડાયાભાઇ કાપડિયા
વતન : મહુવા હાલ : લંડન (યુ.કે.)
અભ્યાસ : B.E. (ઇલેક્ટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન)
કાર્યક્ષેત્ર : સોફ્ટવેર ડેવલોપર (IT)
અનુભવ : ૧૨ વર્ષ લંડન (યુ.કે.)
કંપની : ટાટા કન્સલટન્સી સર્વિસ
હોદ્દો : આસી. કન્સલ્ટ
કંપની એડ્રેસ : LLYOD BANK GRP, 125 LONDON WALL, LONDON - EC2Y SAS (U.K.)
નિવાસ : 80 SHRRARD ROAD, LONDON - E78DW (U.K.)
પરિવાર : વર્ષા કાપડિયા (પત્ની) પ્રાપ્તિ કાપડિયા (પુત્રી)
સંપર્ક : યુ.કે. ૪૪ ૭૪ ૧૭ ૪૭ ૬૩ ૫૭
ઇન્ડીયા ૯૪૨૮૦ ૪૯૭૩૭

## વ્યક્તિ વિશેષ

# રમેશભાઇ સેંતા

(જન્મ તા. ૨૯-૧૨-૭૫ - મૃત્યુ તા. ૨૪-૭-૨૦)



**સંગઠિત થવું તે અપેક્ષિત છે, સંગઠિત રહેવુ તે આવશ્યક છે અને સંગઠિત રહીને કાર્ય કરવું તે અનિવાર્ય છે** ના... વિચારને વરેલા આપણી જ્ઞાતિના હોનહાર અને આશાસ્પદ યુવાન રમેશભાઇ સેંતા થોડુ જીવી ઝાઝેરૂ કામ અને નામ મેળવી અમર થઇ ગયા.

મહુવાના ગરીબ પરિવારમાં જન્મેલ રમેશભાઇના પિતાનું નામ સોંડાભાઇ અને માતાનું નામ ઊજીબેન. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મહુવામાં મેળવી ભાવનગરમાં પી.ટી.સી. કરી ૭-૧૧-૮૯ના રોજ મહુવામાં જ શાળા નં. ૭ માં શિક્ષક તરીકે જોડાયેલ.

ગણિતના માસ્ટર તરીકે નામના મેળવનાર રમેશભાઇ શિક્ષણ ક્ષેત્રે તેમણે કરેલ પ્રોજેક્ટ વર્ક, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, બાલ ઘડતરની પ્રવૃત્તિઓ, રામાનુજ મેથ્સ કલબની વિશિષ્ટ પ્રવૃત્તિઓ તથા સ્પર્ધાઓ, રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાના ગણિત મહોત્સવ અને વિજ્ઞાન મેળા તથા ગુજરાત ગણિત મંડળના અધિવેશનમાં વ્યાખ્યાન, રાજ્ય કક્ષાની કોન્ફરન્સમાં સક્રિય ભાગીદારી ઉપરાંત વિવિધ મેગેઝીનોમાં લેખ અને સમાચારો દ્વારા પોતાની અભિવ્યક્તિ કરતા રહ્યા. તેમની આ બધી સિધ્ધિઓને કારણે ભારત સરકાર ગૃહ મંત્રાલય દ્વારા સેન્સસ **રાષ્ટ્રપતિ એવોર્ડ,** પૂજ્ય મોરારીબાપુ દ્વારા શ્રેષ્ઠ શિક્ષકનો **ચિત્રકુટ એવોર્ડ,** રામાનુજ મેથ્સ કલબ દ્વારા રાજ્યના **શ્રેષ્ઠ ગણિત શિક્ષકનો એવોર્ડ** અને સાયન્સ સિટી અમદાવાદ દ્વારા **નેશનલ બેસ્ટ ટીચરનો એવોર્ડ** તથા ગુજરાત ગણિત મંડળ દ્વારા રાજ્યકક્ષાનો પ્રાધ્યાપક એ.આર. રાવ ગણિત **લોક ભોગ્ય એવોર્ડ** તેમને પ્રાપ્ત થયા હતા. તે જ બતાવે છે કે શિક્ષક તરીકે અને સી.આર.સી. પણ તેમણે ઉત્તમ કામગીરી કરી.

**ખરક સમાજ દર્પણ** નામના ગૃપના **કો-ઓર્ડિનેટર** તરીકે જ્ઞાતિ સેવાના અનેક કામો કર્યા છે. સૌથી મુખ્ય કામ તો મહુવા ખરક સમાજની ડીરેકટરી **સમાજ દર્પણ - ૨૦૧૩** મુખ્ય છે. જયારે જ્ઞાતિ ઉત્કર્ષ માટે સન્માન સમારોહ, રંગોળી સ્પર્ધા, હાસ્ય કવિ સંમેલન, સ્નેહ મિલન, જ્ઞાનવર્ધક સ્પર્ધાઓ, સમર કેમ્પ, સ્પોકન ઈંગ્લીશ, કારકિર્દી માર્ગદર્શન, રાસ-ગરબા સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમ, પુસ્તક મેળો વિગેરે કામો કરવામાં આવેલ. આ કામમાં **કેતનભાઇ કોરડિયા, દીનેશ કાપડિયા, ભાર્ગવ વળિયા, રવીન્દ્ર સેંતા, હરેશ ભુત, મગનભાઇ કુચા તથા ગીરધરભાઇ વળિયા**ની ટીમનો ખૂબ સહકાર મળેલો. એટલે તેમને પણ **થેંકયુ** કહેવું જ જોઇએ.

રમેશભાઇ સેંતા ૪૪ વર્ષની વયે આપણી વચ્ચેથી વિદાય થયા પરંતુ તેનું શિક્ષણ સાહિત્ય અને સમાજ ક્ષેત્રેનું નોંધપાત્ર પ્રદાન હંમેશા સૌને યાદ રહેશે. તેના પરિવારમાં તેમના પત્નિ **કાંતાબેન** તથા ત્રણ પુત્રી **પ્રિયંકા, ક્રિષ્ના, બંસી** અને **નિકુંજ**ને પણ સમાજની હુંફ મળતી રહેશે.

- પુરૂષોત્તમભાઇ ખાટાભાઇ કાપડિયા (નિવૃત્ત પ્રા. શિક્ષક - મહુવા)



૫ સપ્ટેમ્બર ૨૦૦૦ના રોજ રાજયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી પામનાર **રમેશભાઇ એસ. સેંતા**ને શિક્ષક દિન નિમિત્તે ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજાયેલ એવોર્ડ વિતરણ સમારોહમાં મહામહિમ **રાજયપાલ શ્રી ઓ.પી. કોહલી સાહેબે** શ્રેષ્ઠ શિક્ષકનો અવોર્ડ એનાયત કરેલ. માનનીય **મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલે** શાલ ઓઢાડી અને **શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબે** સન્માન પત્ર અને રૂપિયા એકાવન હજારનો પુરસ્કાર અર્પણ કરેલ. નાની વયે રાજયકક્ષાના શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવનાર **રમેશભાઇ સેંતા** આપણી જ્ઞાતિમા શિક્ષણક્ષેત્રે રાજય અને રાષ્ટ્રકક્ષાનો એવોર્ડ મેળવનાર પ્રથમ શિક્ષક હતા.

## પ્રતિનિધિ ગામે ગામ



કાપડિયા
ભુપતભાઇ ખાટાભાઇ
(GSFC) વડોદરા
મો. ૯૯૭૯૮૫૩૪૦૬



અશોકભાઇ કાળુભાઇ વળિયા
(મનિષ મેડિકલ સ્ટોર-દાઠા)
દાઠા
મો. ૯૮૭૯૫ ૦૫૦૬૬



ભરતભાઇ મઘાભાઇ ટાઢા
(સદ્‌ગુરૂ સ્કૂલ-ઠળિયા)
ઠળિયા
મો. ૯૪૨૮૧૮૩૨૪૮



ભૂત સંજયભાઇ લક્ષ્મણભાઇ
(સમર્પણ વિદ્યાલય-તળાજા)
તળાજા
મો. ૯૬૨૪૧૭૭૦૭૦



સેંતા
અરવિંદભાઇ રાણાભાઇ
(પ્રા. શિક્ષક) ભુંભલી
મો. ૯૭૨૭૬૯૯૭૯૪



સેંતા
ભાયાભાઇ જેરામભાઇ
(પ્રા.શિ.) સાંખડાસર-૨
મો. ૮૨૦૦૧૩૬૬૮૭

## મૃત્યુ નોંધ

ભુંભલી : સેંતા ધનુબેન ડાયાભાઇ (૭૬) તા. ૫/૨/૨૧
કુંડવી : કાપડિયા રાજાભાઇ ડાયાભાઇ (૯૦) તા. ૬/૨/૨૧
ભુંભલી : ખીમાણી ઓતીબેન નરશીભાઇ (૯૩) તા. ૭/૨/૨૧
ત્રાપજ : વળિયા રૂપાભાઇ નથુભાઇ (૪૭) તા. ૧૦/૨/૨૧
કુંભણ : પટેલિયા અવલબેન ભીખાભાઇ (૯૫) તા. ૧૧/૨/૨૧
દેવલી : સોલંકી સંજયભાઇ વિઠ્ઠલભાઇ તા. ૧૫/૨/૨૧
વાળુકડ : ભોળાણી લાડુબેન ભીખાભાઇ (૯૯) તા. ૧૬/૨/૨૧
દેવલી : સોલંકી ગીતાબેન ભરતભાઇ (૩૪) તા. ૨૦/૨/૨૧
વાળુકડ : કોરડિયા ગીગાભાઇ નરશીભાઇ (૮૨) તા. ૨૦/૨/૨૧
મહુવા : કાપડિયા લાલજીભાઇ રાજાભાઇ (૯૨) તા. ૨૩/૨/૨૧
ત્રાપજ : સોલંકી વળિયા પોપટભાઇ મુળજીભાઇ (૪૭) તા. ૨૫/૨
સખવદર : સાંગાણી શાંતુબેન રઘાભાઇ (૬૮) તા. ૨૭/૨/૨૧
રાણીવાડા : કામળિયા જશોદાબેન નાનજીભાઇ (૮૫) તા. ૨૭/૨
ઠળિયા : ટાઢા રૂડીબેન ઘુઘાભાઇ (૯૦) તા. ૧/૩/૨૧
ગુંદરણા : સોલંકી માવજીભાઇ અરજણભાઇ (૭૫) તા. ૨/૩/૨૧
કુંઢડા : ખોડિફાડ પાંચાભાઇ ઘુસાભાઇ (૬૧) તા. ૨/૩/૨૧
ભેગાળી : કોરડિયા પાંચાભાઇ ગવરાભાઇ (૭૭) તા. ૫/૩/૨૧
રાણીવાડાઃ કાપડિયા ઓતીબેન લખમણભાઇ (૯૩) તા. ૬/૩/૨૧

**આપના લેખો, સુચનો, અભિપ્રાય આળસ કર્યા વગર આજે જ તંત્રીશ્રી, આનંદ સેતા ફોન નં. ૯૯૨૫૪૮૭૯૫૬ ઉપર વોટસએપ દ્વારા મોકલી આપશો.**

ટાઢા ભાવેશ મો. ૯૫૧૦૩ ૮૯૮૮૮







# રાધેક્રિષ્ના

## મંડપ ડેકોરેશન એન્ડ લાઈટ ડેકોરેશન

કોલ્ડ ફાયર, વેડિંગ ફોગ એન્ટ્રી, ફેન્સી લગ્ન મંડપ, ગેટ, એન્ટ્રી, રિસેપ્શન સ્ટેજ તથા લાઈટ ડેકોરેશન માટે મળો.

**શિવમ્ ફલેટ, માસુમભાઈની વાડી, મહુવા.**

SBI ગ્રાહક સેવા કેન્દ્ર | LIC | CSC | STAR Health Insurance | digit | SBI general INSURANCE



**શ્રી વિવેકાનંદ ઓનલાઇન**
શોપ.નં-૬, ગૌતમેશ્વર શોપીંગ ભગવતી ચોક, કાળીયાબીડ, ભાવનગર.
9328742121

**SBI ગ્રાહક સેવા કેન્દ્ર**
શોપ.નં-૧૩, શિવરંજન કોમ્પ્લેક્ષ, SBI બેંકની બાજુમાં ભગવતી સર્કલ, કાળિયાબીડ.
9328722121



## શ્રી વિવેકાનંદ ઓનલાઇન

- ઓનલાઇન ફોર્મ
- પાસપોર્ટ
- ST બસ ટિકીટ બુકીંગ
- બુક સ્ટોલ
- કલર પ્રિન્ટ
- ટ્રાવેલ્સ ટિકીટ બુકીંગ
- બાઇન્ડીંગ
- મોબાઇલ રિચાર્જ
- કુરીયર સર્વિસ
- સ્પાઇરલ
- ડિશ ટીવી રિચાર્જ
- લાઇટબીલ
- પાનકાર્ડ
- આધારકાર્ડ ડાઉનલોડ
- RTO ના ફોર્મ

## SBI ગ્રાહક સેવા કેન્દ્ર

- ATM કાર્ડથી રૂા. ૧૦૦૦૦ ઉપડે છે.
- આધારકાર્ડથી રૂા. ૧૦૦૦૦ ઉપાડ તથા જમાં
- ખાતા નંબરથી SBI માં રૂા. ૨૦૦૦૦ જમાં થશે( SBIથી કોઇ બીજી બ્રાંચમાં ટ્રાન્સફર પર ચાર્જ લાગશે.)
- રૂા. ૧૨ વાળો વિમો ૧ વર્ષ અકસ્માતે મૃત્યુ રૂા. ૨૦૦૦૦૦ મળવા પાત્ર.
- રૂા. ૩૩૦ વાળો વિમો ૧ વર્ષ કુદરતી મૃત્યુ રૂા. ૨૦૦૦૦૦ મળવા પાત્ર.
- રૂા. ૧૦૦૦ થી રૂા. ૫૦૦૦ સુધીનું અટલ પેન્શન યોજના
- RD ખાતુ ખોલાવી આપીશું

- LIC નો નવા વિમા માટે મળો.
- LIC પ્રિમીયમ ભરી આપીશું
- LIC પોલીસી ને લગતી તમામ સર્વિસ આપવામાં આવશે.
- SBI જનરલનો મેડિકલ વિમા માટે મળો.
- સ્ટાર હેલ્થના મેડિકલ વિમા માટે મળો.
- ટુ-વ્હિલરના વિમા માટે મળો. (થર્ડ પાર્ટી ફુલ)
- ફોર વ્હિલરના વિમા માટે મળો. (થર્ડ પાર્ટી તથા ફુલ)

**તત્કાલ મની ટ્રાન્સફર કરી આપીશું.**

- થર્ડપાર્ટ તથા ફુલ વિમા કરી આપીશં ( ટુવ્હિલ તેમજ ફોર વ્હિલર)
- કોમ્પ્યુટરના C.C.C કોર્ષ માટે મળો
- નવોદય ઓનલાઈન ફોર્મ ભરવા માટે મળો.

## સમાચાર દર્પણ



**સ્નેહ મિલન :** વડોદરામાં રહેતા ખરક સમાજના ભાઈ-બહેનો ગત તા. ૨૧-૨-૨૧ના રોજ સ્નેહમિલન સ્વરૂપે મળ્યા જેમાં ૨૨૦ જ્ઞાતિ ભાઈ-બહેનોએ હાજરી આપી. સ્વ પરિચય પછી ભોજન સમારંભ રાખવામાં આવેલ.

**જ્ઞાતિ ભોજન :** કુંભણ નિવાસી હાલ મહુવા વલ્લભભાઈ ભીખાભાઈ પટેલિયા (જી.એસ.ટી. ઓફિસર, અમરેલી) ના માતૃશ્રી તથા અમીતકુમાર પટેલિયા (કલરવ કુડઝ) ના દાદીમા અવલબેન ભીખાભાઈ પટેલિયા તા. ૧૧-૨-૨૧ના રોજ રામચરણ પામેલ તે નિમિત્તે શ્રી મહુવા ખરક જ્ઞાતિ સમુહ ભોજન (નાત) તા. ૨૧-૨-૨૧ના રોજ સોનાવાલા બાગમાં રાખવામાં આવેલ. આ ઉપરાંત પટેલિયા પરિવારે કુંભણમાં પણ નાત જમણ રાખેલ.





**ચક્ષુદાન :** ત્રાપજ સ્વ. રૂપાભાઈ નથુભાઈ વળિયા તા. ૧૦-૨-૨૧ના રોજ અવસાન પામેલ. તે સમયે તેમના પરિવારના શ્રી ધીરૂભાઈ નથુભાઈ વળિયા વગેરે દ્વારા ભાવનગર અંધ અપંગ શાળાના લાભાર્થી માટે ચક્ષુદાન કરેલ. વળિયા પરિવાર આ સ્તુત્ય પગલા માટે અભિનંદનને પાત્ર છે.

**શિક્ષણ :** પાદરી (ગોહિલનું) ગામના વતની પ્રો. જલ્પેશભાઈ રામજીભાઈ કાગડા છોટા ઉદેપુર નખવાડીમ આવેલ ગર્વમેન્ટ કોલેજમાં સમાજશાસ્ત્રના પ્રોફેસર તરીકે કામ કરે છે તેઓ ખરક જ્ઞાતિનું સામાજિક અને સાંસ્કૃતિક જીવન વિષય પર Ph.D. કરી રહ્યા છે તે ગૌરવપૂર્ણ ઘટના છે. સંપર્ક : ૯૮૨૪૦૦૬૨૦૧



**નિયુક્તિ :** હાજીપર ગામના ખોડિફાડ અમીતભાઈ કેશવભાઈ તા. ૨૫/૧/૨૦૨૧ના રોજ એસ.બી.આઈ. ની સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરી માંકણી તાલુકો બોડેલી જિ. છોટા ઉદેપુર ખાતે જુનિયર આસી. કલાર્ક તરીકે નિયુક્તિ પામેલ છે. મો. ૯૯૯૮૯૮૯૪૭૩



## અવસર - દર્પણ

**શુભ ઉદ્ઘાટન :** સુરત અનીલ સેંતા (મહુવા) તથા કૌશિક કુચા (ત્રાપજ) દ્વારા **લાઈફ સ્ટાઈલ (ફેશન હબ)** મેન્સ એન્ડ ચિલ્ડ્રન વેર નું શુભ ઉદ્ઘાટન તા. ૨૧-૨-૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું. સરનામું : ૭૦, ભરતનગર, મારૂતિ ગૌશાળા પાસે, એલ.એચ. રોડ, વરાછા. સુરત.

**શુભ ઉદ્ઘાટન :** મહુવા હાર્દિક મથુરભાઈ સેંતા, મેહુલભાઈ શામજીભાઈ ઠંઠ તથા પ્રિયનભાઈ ગજ્જર દ્વારા **વિરાજ સિરામિક** (મોરબીની પ્રખ્યાત કંપની દ્વારા સ્થાપિત ભવ્ય શો-રૂમ) નું શુભ ઉદ્ઘાટન તા. ૨૫-૨-૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું. સ્થળ : શિવ હોટેલ, શનિદેવ મંદિર સામે, હનુમંત હોસ્પિટલ રોડ, મહુવા. ફોન નં. ૮૩૨૦૪૬૨૪૧૫

**શુભ ઉદ્ઘાટન :** મહુવા ખાટસુરાવાળા વિઠ્ઠલભાઈ બી. વળિયા તથા મોહનભાઈ વળિયા દ્વારા **શ્યામ ટ્રેક્ટર** (સૂરજ મીની ટ્રેક્ટર - મહુવા, રાજુલા, ખાંભાના ઓથો. ડિલર) નું શુભ ઉદ્ઘાટન તા. ૨૭-૨-૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું. સ્થળ : સાવરકુંડલા રોડ, ગુરૂકૃપા ટાવર સામે, નેસવડ ચોકડી, મહુવા. ફોન નં. ૮૨૦૦૭ ૩૫૭૮૦

## શુભ વેવિશાળ

મહુવા નિવાસી અશોકભાઈ કાનજીભાઈ કોરડિયા (સાયકલ મોલ) ના સુપુત્ર

**ચિ. ધાર્મિક** નું શુભ વેવિશાળ **ચિ. ક્રિષ્ના**

મહુવા નિવાસી મગનભાઈ બચુભાઈ સેંતા (દાઠાવાળા) ની સુપુત્રી સાથે તા. ૨૭-૨-૨૦૨૧ના રોજ થયું.

મહુવા નિવાસી પુરૂષોત્તમભાઈ ખાટાભાઈ કાપડિયા (નિવૃત્ત શિક્ષક) ના સુપુત્ર

**ચિ. પ્રણવ** નું શુભ વેવિશાળ **ચિ. કિરણ**

સાથે તથા સુપુત્રી

**ચિ. આરતી** નું શુભ વેવિશાળ **ચિ. કલ્પેશ**

સાથે ભાવનગર નિવાસી પરશોતમભાઈ ભીખાભાઈ પટેલિયા (દેવલીવાળા) ના સુપુત્રી/સુપુત્ર સાથે તા. ૨૫-૨-૨૦૨૧ના રોજ થયેલ છે.

## સાહિત્ય - દર્પણ

**થાય છે (ગઝલ)** - ઉપેન્દ્ર ખોડિફાડ 'સાહેબ' - કુંઢડા

શું વાત કરૂ? કે નિંદા અહીં કોની થાય છે?
હજી સવાલો ગાંધીજી ઉપર પણ થાય છે.
થાકે છે આ માનવી જ્યારે મથી મથીને,
ત્યારે શંકા ખુદ ઈશ્વર ઉપર પણ થાય છે.
ખબર છે બધાને ખુદા તો એકનોએક છે,
તો પછી આ હિંદુ-મુસ્લીમ કેમ થાય છે.
ગમે તેટલી ભાગદોડ કરેલો જીંદગીમાં,
આખરે તો બધાય સ્મશાને ભેગા થાય છે.
'સાહેબ' ને આ બધુ જોતા એવું લાગે છે,
જે થાય છે તે અજીબો ગરીબ થાય છે.



## સાયબર સફર

**સંભારણું :** તળાજા ખાતે તા. ૧-૪-૧૮ના રોજ યોજાયેલ મહાસંમેલનને સંભારીએ.
https://www.youtube.com/watch?v=F4h89O3xEbk&feature=youtu.be

**મનોરંજન :** આ મહિને જોવા જેવી બે ગુજરાતી ફિલ્મ 'રેવા'
https://www.youtube.com/watch?v=E3jHEIWd3nQ&feature=youtu.be

'ચલ મન જીતવા જઈએ'
https://www.youtube.com/watch?v=3fyphrZ-yUc&feature=youtu.be

બે ગુજરાતી શોર્ટ ફિલ્મ પણ જોવા જેવી છે.

(૧) આપણા ગ્રામ્ય સ્ત્રી જીવનને જીવંત કરતી રામ મોરીની વાર્તા આધારીત ફિલ્મ 'મહોતું'
https://www.youtube.com/watch?v=_ZJ63k7fGz4&feature=youtu.be

(૨) સાગર પુત્રોના જીવન પર આધારીત ફિલ્મ 'ઘૂઘમ' તમને કાયમ યાદ રહી જશે.
https://www.youtube.com/watch?v=aRAN0EvOgpk&feature=youtu.be

**વાર્તા રે વાર્તા :** દાદા દાદી કે પપ્પા મમ્મી હવે આંગળીના ટેરવે વાર્તા કહી શકશે. ૬૦૦ કહેવાયેલી વાર્તાઓનું સરસ કલેકશન...
https://gujaratistorytellingforchildren99.blogspot.com/2019/06/415.html

**કિસાન સારથી :** ખેડુતોને માર્ગદર્શન આપવા લીલીવાવના એગ્રોનોમિસ્ટ શ્રી નયનભાઈ ભુત તે કૃષિ સારથી એપ તથા યુ-ટ્યુબ ચેનલ બનાવી છે. તમે પણ આજે જોડાઈ જાઓ.
https://kisansarthi.blogspot.com/
https://www.youtube.com/c/KisanSarthiOfficial

**સત્સંગ :** મહુવા : જ્ઞાતિના પ્રથમ કથાકાર શ્રી લક્ષ્મણભાઈ ભુત (શીખંડ સમ્રાટ) રામાયણ, ભાગવત અને ગીતાના અભ્યાસુ છે. તેમણે તેમના પ્રવચનો યુ-ટ્યુબ પર મુકેલ છે. આ વખતે રામાયણના અગસ્ત ઋષિના મિલનનો પ્રસંગ સાંભળીયે.
https://www.youtube.com/watch?v=80LQUaHZipE&feature=youtu.be

**મોટિવેશન :** શ્રી જ્ઞાન વત્સલ સ્વામી આપણને જીવન મૂલ્યનો મહત્વ સમજાવે છે.
https://www.youtube.com/watch?v=AxXFo5gJNX0&feature=youtu.be

**મહેફિલ :** ગની દહીંવાલાની પ્રખ્યાત ગઝલ 'દિવસો જુદાઈના' સાંભળો મહંમદ રફીના અવાજમાં...
https://www.youtube.com/watch?v=3vSm0mlvXG4&feature=youtu.be

શું આપ ખરક સમાજ દર્પણ ગ્રુપમાં નથી જોડાયા? નીચેની લીંક દ્વારા ગ્રુપમાં જોડાઈ અંક નિયમિત મેળવો.
https://chat.whatsapp.com/FsyvgcNPbjADuE0Vh1UAti